# હેલ્થ એન્ડ સેફ્ટી વિભાગનાં લોકો મારા ધંધાની મુલાકાતે આવે છે - શા માટે?

## The health and safety people visit my business – Why?

એચ.એસ.ઈ. અને લોકલ ઓથોરિટીઓ ઉપર જાહેર જનતા સહિતનાં, કામ પર હોય તે લોકો અને કામની પ્રવૃત્તિઓથી અસર પામતાં લોકોના આરોગ્ય, સુરક્ષા અને સુખાકારીનું નિયંત્રણ કરવાની જવાબદારી છે.
આરોગ્ય અને સુરક્ષાને સભ્ય નાગરિક સમાજના પાયાના પથ્થર તરીકે જોવા માગીએ છીએ અને આથી કામના સ્થળે વિશ્વની આગેવાની કરે તેવા આરોગ્ય અને સુરક્ષાનો રેકોર્ડ પ્રાપ્ત કરવા માગીએ છીએ (સુરક્ષા માટેનો રેકોર્ડ અમારી પાસે પહેલેથી જ ઉત્તમ રેકોર્ડોમાં ગણાય છે). આ માટે અમે ધંધાઓ, કામદારો અને તેમનાં ટ્રેડ યૂનિયનોની સાથે ભાગીદારીમાં કામ કરીએ છીએ. અમે સલાહ, માર્ગદર્શન અને માહિતી પૂરાં પાડીએ છીએ - રાષ્ટ્રિય અને સ્થાનિક બંને સ્તરે.

વ્યક્તિગત ધંધાઓની મુલાકાત લઈને પણ અમારાં લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરીએ છીએ. કોની મુલાકાત લેવી તેનો નિર્ણય એચ.એસ.ઈ. અને લોકલ ઓથોરિટી કેવી રીતે લે છે? આ અમે જોખમોના આધારો પર કરીએ છીએ. અમે **એવા સ્થળે અમારું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જ્યાં જોખમો સૌથી વધારે હોવાની શક્યતા હોય** અને જ્યાં તેની સૌથી વધારે અસર પડવાની હોય, ખાસ કરીને જ્યાં:

- અમારી પાસે પુરાવા હોય કે સ્થળે **આરોગ્ય અને સુરક્ષાને લગતી કામગીરી બરાબર કરવામાં આવતી નથી** - તમારા પોતાના ધંધા કે ક્ષેત્રમાં અથવા તો તમે જે પ્રકારનું કામ કરતાં હો તેમાં અકસ્માતો થવાનું કે બીમાર પડવાનું જોખમ બહુ વધારે દેખાતું હોય. તમારા ધંધાની મુલાકાત લેતી વખતે અમારાં કર્મચારીઓ રાષ્ટ્રિય આરોગ્ય અને સુરક્ષાના સુધારા માટેની અગ્રતાઓ તરીકે ઓળખવામાં આવેલાં જોખમો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે (જેમ કે ઊંચાઈ પરથી કે એક જ સ્તરેથી પડવું), કારણ કે તેમનામાં રાષ્ટ્રિય સ્તરે આરોગ્ય અને સુરક્ષાની કામગીરીમાં સુધારા કરવાની સૌથી વધારે સંભાવના છે.
- **તમે અનેક જોખમી ઉદ્યોગોમાંથી કોઈ ઉદ્યોગમાં કામ કરતાં હો** (દાખલા તરીકે, ઓફશોર, ન્યૂક્લીયર, રેઈલ, અમુક કેમિકલો (રસાયણો) અને વિસ્ફોટકો). આમાંના મોટા ભાગના ઉદ્યોગો સુરક્ષાની રજૂઆત અથવા લાઈસન્સના નિયમનો હેઠળ કામ કરતા હોય છે. આ માટે તમે તમારા ધંધામાં તમારા કામદારો અને/અથવા જાહેર જનતાનાં લોકો એમ બંનેને ખતરામાં મૂકી શકે તેવાં જોખમી પરિબળોને કેવી રીતે ઓળખીને કાબૂમાં લીધેલાં છે તે જણાવતી સુરક્ષાની જે રજૂઆત તૈયાર કરી હશે તેનું અમારે પહેલાં મૂલ્યાંકન કરવાનું રહેશે. અમે જ્યારે તમારા ધંધાની મુલાકાત લઈએ ત્યારે અમને એ ખાતરી જોઈતી હોય છે કે એન્જીનીયરિંગ અને સંસ્થાકીય બંને પ્રકારનાં જુદા જુદા પ્રકારનાં કંટ્રોલો (નિયંત્રણો) યોગ્ય ઠેકાણે છે અને તેમને આરોગ્ય અને સુરક્ષાના હકારાત્મક વાતાવરણની અંદર તેના યોગ્ય પ્રમાણસર ચલાવવામાં આવે છે.
- અમે **કોઈ ખાસ બનાવ** (અકસ્માત કે કામને લગતી બીમારી)ની **અથવા કોઈ ફરિયાદની** તપાસ કરવા માગતાં હોઈએ. અહીં અમે સૌથી વધારે ગંભીર બનાવો ઉપર અમારું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ - જેના પરિણામે મૃત્યુ કે બહુ મોટી ઈજા થઈ હોય - અથવા તો જે રાષ્ટ્રિય આરોગ્ય અને સુરક્ષાના સુધારા માટેની અમારી અગ્રતા સાથે જોડાતા હોય. અમારાં ઈન્સપેક્ટરો તેમના તપાસકાર્યમાં એ શોધવાનો પ્રયત્ન કરશે કે શું ખોટું થયું હતું અને તમારા ધંધા માટે તેમજ તે જ પ્રકારનું કામ કરતાં બીજાં લોકો માટે તેમાંથી કોઈ બોધપાઠ લેવાનો પ્રયત્ન કરશે.

એચ.એસ.ઈ. અને લોકલ ઓથોરિટીનાં કર્મચારીઓ **અમુક મર્યાદિત પ્રમાણમાં** નીચેનાં કારણોસર **પણ મુલાકાતો લે છે:**

- કોઈ નવા ધંધા કે સ્થળે જોખમોનું મૂલ્યાંકન કરવા માટે
- સામાન્યતઃ કમરના દર્દો કે કામના સ્થળ સુધીની વાહન વ્યવસ્થા જેવી નિશ્ચિત અગ્રતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અમુક ભૌગોલિક વિસ્તારો કે ક્ષેત્રોને લક્ષ્યાંક બનાવવા માટે
- નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે કે નહિ તેની આશરે ‘અણધારી તપાસ’ કરવા માટે
- નવા વિકાસો અને કાર્યવાહીઓથી પરિચિત રાખવા માટે અથવા તાલીમના હેતુસર

**એક કરતાં વધારે સ્થળોએ ચાલતાં ઉદ્યોગો માટે,** અમે ધંધાના કોઈ એક જ સ્થળને બદલે **સમગ્ર ધંધા પર,** અને તમે એક જ બાબતની નકલ થતી કે તે દોહરાવાતી અટકાવવા માટે એક સરખાં ધોરણો કેવી રીતે પ્રાપ્ત કરો છો તેની પર **ધ્યાન કેન્દ્રિત કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.**

લોકલ ઓથોરિટીઓ તેમના પ્રયત્નો મુખ્યત્વે રાષ્ટ્રિય રીતે નક્કી કરવામાં આવેલી અગ્રતાઓ ઉપર અને અકસ્માતો તથા ફરિયાદોનો પ્રતિસાદ આપવા ઉપર કેન્દ્રિત કરે છે, તેની સાથે સાથે તેઓ ખાસ કરીને સ્થાનિક સમાજો માટે અગ્રેસર હોય તેવી બાબતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

મુલાકાત માટેનું કારણ કોઈ પણ હોય, અમે તમારા ધંધામાં **આરોગ્ય, સુરક્ષા અને સુખાકારીનાં ધોરણો**ની તપાસ કરીશું અને કામના સ્થળે લોકોને બીમાર પડતાં કે ઈજા પામતાં કેવી રીતે અટકાવી શકાય તેની **તમને સલાહ આપીશું.**

કામના સ્થળે રહેલાં બધાં જ જોખમો દૂરી કરી શકાય છે એવું અમારું માનવું નથી. તેના બદલે, અમે એ જોવા માગીશું કે તમારે ત્યાં આરોગ્ય અને સુરક્ષા પરનાં જોખમો ઓછાં કરવા માટે તમે સમજણભર્યાં પગલાં લઈ રહ્યાં છો. જ્યાં જરૂર હોય, દાખલા તરીકે જ્યાં **પરિસ્થિતિ ખરાબ હોય અથવા કાયદાનું જ્યાં સદંતર ઉલ્લંઘન કરવામાં આવતું હોય,** ત્યાં જરૂર પડે ત્યાં કાયદેસર પગલાં લેવા સહિત, સુધારા કરવાની માગણી કરવા માટે, અમારા કર્મચારીઓ પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે છે.

અમે શા માટે ધંધાની મુલાકાત લઈએ છીએ, અમે કેવી રીતે અગ્રતાઓ આપીએ છીએ અને અમે તમારા ધંધાના સ્થળે હોઈએ ત્યારે શું કરીએ છીએ તેની આ સમજૂતી તમને ઉપયોગી નીવડશે એવી અમને આશા છે. આ સમજૂતી તમને ઉપયોગી અને સ્પષ્ટ લાગી કે નહિ તે વિશે જો તમે અમને તમારા વિચારો જણાવવા માગતાં હો, તો કૃપા કરીને તમારાં સૂચનો અહીં મોકલી આપો business.involvement.team@hse.gsi.gov.uk